# મોડાસામાં કોરોના કહેર : ત્રણ દર્દીઓની એક સાથે પીપીઈ કીટ પહેરી અંતિમવિધિથી હાહાકાર

## કલેકટરે સરકારી અધિકારી કર્મચારીઓની રજા રદ કરી

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં કોરોના સતત વધી રહેલા કોરોના કેસની વચ્ચે કોરોના સંક્રમણની સ્થિતિ કાબૂ બહાર જઈ રહી હોવાનું દેખાઈ આવે છે.છેલ્લા ત્રણ દિવસમાં કોરોના સંક્રમણ કૂદકે ને ભૂસકે વધી રહ્યું છે સરકારી ચોપડે કોરોના સંક્રમણ અને મોતના આંકડાની ગોલમાલ થઈ રહી હોવાના દ્રશ્યો મોડાસા શહેરમાં આવેલ સ્મશાનમાં જોવા મળ્યા હતા જેમાં એક સાથે ત્રણ ત્રણ કોરોનાગ્રસ્ત દર્દીઓની અંતિમવિધિ સરકારી ગાઈડલાઈન પ્રમાણે આરોગ્યતંત્રના કર્મચારીઓની ઉપસ્થિતી વચ્ચે પીપીઈ કીટ પહેરીને કરવામાં આવતા રોડ પરથી પસાર થતા વાહનચાલકો અને લોકો પણ ફફડી ઉઠ્યા હતા મોડાસાના દુઘરવાડા અને મેઘરજના ઈસરી પંથકની મહિલાને કોરોના ભરખી જતા લોકોમાં કોરોનાનો ભય જોવા મળી રહ્યો છે મોડાસા શહેરના સ્મશાનમાં મહાનગરો જેવી સ્ફોટક સ્થીતી જોવા મળી રહી છે જીલ્લાવાસીઓ તેમના સ્વજનની અંતિમવિધિ માટે લાઈનમાં ઉભા રહેવું પડે તેવી સ્થીતીનું નિર્માણ થઈ રહ્યું છે.

અરવલ્લી જીલ્લા કલેકટરે જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્ર્મણ રોકેટ ગતિએ વધતા બેકાબુ બહાર થઈ રહેલી સ્થીતીને પહોંચી વળવા માટે જીલ્લામાં ફરજ બજાવતા તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની રજા રદ કરી દેવામાં આવી છે જો કોઈ અધિકારી કે કર્મચારીએ અગાઉથી સક્ષમ અધિકારી કે વિભાગ તરફથી મંજુર થયેલ રજા પણ આપોઆપ રદ કરવાનો પરિપત્ર જાહેર કરી



તાત્કાલિક અસરથી ફરજ પરનાં સ્થળે હાજર થવા તાકીદ કરી છે અને જીલ્લા કલેકટરની પૂર્વ મંજૂરી વગર કોઈ પણ અધિકારીએ રજા નહીં લેવા કાળજી રાખવાનો આદેશ કર્યો છે જીલ્લા કલેકટરે લીધેલા નિર્ણયથી સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પણ જીલ્લામાં કોરોનાનું સંક્રમણની સ્થીતી ભયજનક રીતે આગળ વધી રહી હોવાનું જણાવી રહ્યા છે

અરવલ્લી જિલ્લામાં દિન-પ્રતિદિન કોરોનાનું સંક્રમણ વધવા પામ્યું છે. દિન-પ્રતિદિન વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતાઓ વધવા પામી છે. જિલ્લામાંથી સતત કોરોના પોઝીટીવ કેસો મળી આવતા તંત્રની ચિંતાઓ વધવા પામી છે અને નાગરિકોમાં પણ ભયની લાગણી વ્યાપી ગઈ છે. વધી રહેલા સંક્રમણને જોતા કેટલાક ગામોમાં સ્વૈચ્છિક લોકડાઉન અમલી બનાવાયું છે ત્યારે નાગરિકોને સાવચેતી રાખવા તંત્રએ અપીલ કરી છે.

# લવ જેહાદ કાયદો : ઉત્તર ગુજરાતમાં આંતરધર્મીય લગ્નો ઉપર નિયંત્રણ આવશે

**લગ્ન માટે મદદગારી કરનાર ઈસમો ઉપર કાયદાનો સકંજો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

ગુજરાત વિધાનસભામાં ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક-૨૦૨૧નો ખરડો સત્રના અંતિમ દિવસે પસાર થયા પછી રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં હવે લાલચ કે ઈરાદા સાથે યુવતીઓને મોહ જાળમાં ફસાવી કરવામાં આવતા લગ્નો અને લગ્ન વિષયક ઠગાઈના કિસ્સા ઉપર નિયંત્રણ આવી શકે છે. કાયદાની જોગવાઈમાં લગ્ન માટે મદદગારી કરનાર ઈસમો સામે કાયદામાં કડક જોગવાઈ કરવામાં આવતાં સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સરકારે લીધેલા લગ્ન કરી ધર્માંતરણ કરાવવાની પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ આવી જશે જેમાં તમામ પ્રકારના આંતરધર્મીય લગ્નો ઉપર કાર્યવાહીની જોગવાઈ કરવામાં આવી હોવાથી આવી પ્રવૃત્તિ કરતા તત્વો કાયદાના સકંજામાં આવી શકે છે. ઉત્તર ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી વિધર્મીઓ દ્વારા હિન્દુ કિશોરી, યુવતીઓ સાથે લગ્ન કરી ધર્માંતરણ કરાવવાની ઘટનાઓ સમયાંતરે બહાર આવતી હોય છે જેથી સુધારા વિધેયક અમલમાં આવવાથી હિન્દુ ધર્મી પરિવારોની યુવતીઓ વધુ સુરક્ષિત બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. ભૌતિક સુખ




નિર્ણયને પ્રજાએ વધાવ્યો છે.

લવ જેહાદની ઘટનાઓ વધી જતાં આખરે સરકારને આંતરધર્મીય લોભલાલચથી થતા લગ્નો ઉપર બ્રેક લગાવવા માટે કાયદો પસાર કરવાની ફરજ પડી છે. લવ જેહાદ હેઠળ યુવતીઓને ફોસલાવી લગ્ન કર્યા પછી ધર્માંતરણ કરાવવાની વધતી જતી પ્રવૃત્તિ ઉપર અંકુશ મૂકવા માટે કાયદાને વધુ અસરકારક બનાવતું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક-૨૦૨૧ પસાર થયા પછી ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં જબ્બર પ્રતિસાદ મળ્યો છે. નવું વિધેયક પસાર થવાથી હિન્દુ ધર્મી કિશોરીઓ, યુવતીઓને વિધર્મીઓ દ્વારા ફોસલાવી, લલચાવી, સગવડોની લાલચ આપી યુવતીઓને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરનારા વિધર્મી યુવકો સામે કડક કાયદા તેમજ એફ.આર.આઈ. સહિતના સુધારાને લઈને ભોગ બનનાર પરિવારોને ન્યાય મળી રહેશે તેમજ કાયદાને વધુ અસરકારક બનાવાતાં લવ જેહાદને પ્રોત્સાહન આપી મદદગારી કરનારા તત્વો સામે પણ કડક પગલાં ભરાય તેવી જોગવાઈના કારણે બહુમુલ પ્રજાએ નવા વિધેયકને આવકાર્યું છે.

**કાયદાનું સ્વાગત કરીએ છીએ : મિતેષ પટેલ**

બાયડ : બાયડના વિ.એચ.પી.ના અગ્રણી મિતેષ પટેલે જણાવ્યું કે લવ જેહાદની ઘટનાઓ વધી છે. માઈન્ડ વોશ કરીને હિન્દુ યુવતીઓને ફસાવવામાં આવે છે આ સંજોગોમાં ગુજરાતની ભાજપ સરકારે ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય સુધારા વિધેયક-૨૦૨૧ પસાર કર્યું છે તેનું અમે સ્વાગત કરીએ છીએ.

# પશુઓ બચાવવા જતાં આરોપીના પિંજરામાં માલપુરના ૩ જીવદયા પ્રેમીઓ સામે લૂંટની ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

માલપુર તાલુકાના જેસવાડી નજીક પીકઅપ ડાલામાં મૂંગા પશુઓને કતલખાને લઈ જતા અટકાવનાર ૩ જીવદયા પ્રેમીઓ સામે ડાલુજીપ ચાલકે લૂંટની ફરિયાદ નોંધાવતાં હલચલ મચી છે. માલપુર, વાસજીપુર અને સાતરડાના ૩ યુવકોએ ઈકો ગાડી દ્વારા ડાલુજીપનો પીછો કરી કતલખાને લઈ જતા પશુઓને બચાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ત્યારબાદ તેમની સામે રૂા.૫૨ હજાર લૂંટી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાનો માલપુર પોલીસે ગુનો નોંધતાં જીવદયા પ્રેમીઓ સમસમી ગયા છે.

પશુઓને ગેરકાયદેસર કતલખાનામાં ધકેલવાનો કારોબાર બમણા વેગથી ચાલી રહ્યો છે. પોલીસ કરતાં જીવદયા પ્રેમીઓની સતર્કતાથી કતલખાને જતા પશુઓને બચાવવામાં વધુ સફળતા મળી રહી છે. માલપુરના વિનાયકનગરમાં રહેતા સંજયભાઈ મશરૂભાઈ ભરવાડ, વાસજીપુરના સંજયભાઈ લાલુભાઈ ખાંટ અને સાતરડા ગામના રાજેશ રાધાભાઈ હેડી તા.૬ની રાત્રે જેસવાડી ગામની સીમમાં હાઈવે રોડ ઉપર પસાર થતા હતા જે સમયે પીકઅપ ડાલુજીપમાં ગેરકાયદેસર રીતે પાડા ભરી શંકાસ્પદ હાલતમાં પસાર થતા ચાલકને આંતરી મૂંગા પશુઓ કતલખાને જતાં હોવાની આશંકા સાથે રોકી અબોલ જીવોને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ ત્યારબાદ ડાલુજીપ ચાલક મહંમદહનીફ ગુલામરસુલ શેખ (રહે.અલ્તાફનગર સોસાયટી, ભેરૂન્ડા રોડ, મોડાસા)એ માલપુર પોલીસ સ્ટેશનમાં ઈકો ગાડીમાં આવેલા ઉપરોક્ત ૩ ઈસમોએ ડાલુજીપ આંતરી તું કેમ ભેંસોને કતલખાને લઈ જાય છે તેમ કહી અપશબ્દો બોલ્યા બાદ ઈમરાન નજરમીયાં સીંધીને માર મારી ૩ ઈસમોમાંથી કોઈએ ડાલુજીપ ચાલક મહંમદ શેખના ખિસ્સામાંથી રૂા.૫૨ હજારની રોકડ લૂંટી લીધી હોવાની ફરિયાદ આપી છે. જીવદયા પ્રેમીઓને ધરમ કરવા જતાં ધાડ પડી હોય તે રીતે પોલીસે ગુનો દાખલ કરતાં ૩ જીવદયા પ્રેમીઓ આરોપીના પિંજરામાં આવી ગયા છે.



અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં સથવારા કડિયા સમાજની જનરલ મિટિંગ મળી હતી જેમાં સમસ્ત સથવારા સમાજ ભેગા મળી નવા હોદ્દેદારો ની વરણી કરવામાં આવી હતી જેમાં પ્રમુખ પદે ભરતકુમાર એમ કડિયા (પત્રકાર) તથા ઉપ પ્રમુખ પદે નિલેશભાઈ કડિયા તેમજ મહામંત્રી, મંત્રી, સહમંત્રી અને ખજાનચી તથા કારોબારી અધ્યક્ષ કારોબારી માં કુલ ૨૦ વ્યક્તિ ની વરની કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તથા તેમના મંત્રી મંડળ સમાજ વિકાસ નાં પંથે કેવી રીતે જાય તેની ચર્ચાઓ કરવામાં આવી હતી અને શૈક્ષણિક રીતે પછાત છે તેને શૈક્ષણિક આગળ કઈ રીતે આવે તેની પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને સમાજ નાં અગ્રણી તથા નાગરિકો એ નવા નિમાયેલા પ્રમુખ પાસે સમાજને આગળ વધારવાની અપેક્ષા રાખી હતી.

# ભાજપના સ્થાપના દિને ધનસુરા ખાતે કાર્યક્રમ યોજાયો

ધનસુરા, તા. ૭

ભાજપ સ્થાપના દિન નિમિત્તે ધનસુરા ગામે સ્થાપના દિવસ ની ઊજવણી કરવામાં આવી જેમાં ભાજપ ના કાર્યકર્તા ઓએ આ પ્રસંગે પોતાના ઘર પર ભાજપ નો ઝંડો ફરકાવ્યો હતો અને ઝંડો ફરકાવી ભાજપ ના સ્થાપના દિવસ ની ઉજવણી કરી હતી ધનસુરા તાલુકા ભાજપ ના કાર્યકર્તા ઓ ધ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી નું કાર્યકર્તા જોગ સંબોધન નું લાઈવ પ્રસારણ નિહાળવામાં આવ્યુ હતું જેમાં પ્રમુખ જગદીશ ભાઈ,મહામંત્રી નરેન્દ્ર ભાઈ પૂર્વ પ્રમુખ અનિલભાઈ તાલુકા સદસ્ય પુષ્પાબેન પૂર્વ સદસ્ય દુધિબેન, બાબુકાકા, તેમજ ભાજપ ના કાર્યકર્તા હાજર રહયા હતા.



# પ્રાંતિજના પોગલુ ખાતે આયુર્વેદિક ઉકાળો બનાવીને ગ્રામજનોને પીવડાવવામાં આવ્યો

## શ્રી વરાહી શકિત પીઠ મંદિર ખાતે ઉકાળો બનાવીને વિતરણ કરવામા આવ્યુ : જાયન્ટસ ગ્રુપના સહયોગથી મંદિરના મહંત દ્વારા ઉકાળો બનાવી ગ્રામલોકોને પીવડાવવામા આવ્યો



પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના પોગલુ ખાતે આવેલ શ્રી વારાહી શક્તિ પીઠ મંદિર ખાતે આયુર્વેદિક ઉકાળો બનાવી ગ્રામજનોને પીવડાવવામા આવ્યો.

જીલ્લા સહિત તાલુકામા કોરોનાએ ફરી માથુ ઉચકયુ છે ત્યાર લોકોને કોરોના સામે રક્ષણ મળે તે માટે પ્રાંતિજના પોગલુ ખાતે પોગલુ જાયન્ટસ ગ્રુપ, મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંચાલિત કામધેનુ ગૌશાળાના સહયોગથી શ્રી વારાહી શક્તિ પીઠ ખાતે આયુર્વેદિક ઉકાળો બનાવીને ગામના લોકોને પીવડાવવામા આવ્યો હતો તો આ પ્રસંગે મંદિરના મહંત સુનિલદાસજી મહારાજ, ડૉ.અંકિતાબેન, તાલુકા હેલ્થ ઓફિસર સોલકી, ગામના સરપંચ રમીલાબેન પટેલ, અરૂણભાઈ મહારાજ સહિત પોગલુ જાયન્ટસ ગુપ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## સીવીલ હોસ્પિટલના અભાવે કોરોનાના દર્દીઓને હાલાકી

# સાર્વજનિક હોસ્પિટલમાં ઉભી કરાયેલ કોવીડ-૧૯ હોસ્પિટલ હાઉસફૂલ, દર્દીઓની કફોડી હાલત

મોડાસા, તા. ૭


અરવલ્લી જીલ્લાની ભાજપ-કોંગ્રેસની નબળી નેતાગીરીને પગલે સાબરકાંઠા



જીલ્લામાંથી અરવલ્લી જીલ્લાના નવનિર્માણના વર્ષો વીતવા છતાં પાયાગત અનેક સુવિધાઓથી વંચિત છે હાલ કોરોનાની કપરી સ્થિતિમાં કોરોનાગ્રસ્ત દર્દીઓએ સીવીલ હોસ્પિટલના અભાવે દર દર ભટકવું પડી રહ્યું છે કોરોનાના સંક્રમણને અટકાવવામાં નિષ્ફળ રહેલ આરોગ્ય અને વહીવટી તંત્ર આંકડાકીય માયાઝાળ રચી રહ્યું છે સરકારી ચોપડે કોરોનાના આંકડા છુપાવવામાં આવી રહ્યા હોવાની બૂમો ઉઠી રહી છે જીલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતા તંત્રએ તાબડતોડ વધુ ૩૦ બેડની સુવિધા ઉભી કરવાની ફરજ પડી રહી છે જીલ્લામાં ૫૦૦ જેટલા દર્દીઓ કોરોનાની સારવાર લેવા માટે મોટા શહેરોમાં પહોંચ્યા છે અનેક દર્દીઓ કોરોનાની સમયસર સારવારના અભાવે પીડાઈ રહ્યા હોવાની બૂમો ઉઠી છે

અરવલ્લી જિલ્લામાં મોડાસા અને બાયડ શહેરમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ થતાં વિકટ સ્થિતિ સર્જાઈ છે અને તંત્ર દ્વારા સંક્રમણ અટકાવવા માટેના પ્રયાસો કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. સરકાર કોરોના સંક્રમણના આંકડા છુપાવી રહી છે. ગત વર્ષે પૂરી પડાતી માહિતી આ વર્ષે તંત્ર આપતું નથી. પરંતુ તંત્રની આ ચૂપકીદી થી જિલ્લામાં સંક્રમણ વધી રહયું હોય એમ મનાઈ રહયું છે.જે વિસ્તાર કે જે વિસ્તારના લોકો સંક્રમીત બન્યા છે તેનાથી પ્રજા અજાણ છે અને સંક્રમણનો વ્યાપ વધે છે.

કોરોનાનું સંક્રમણ હવે ગ્રામ્ય વિસ્તારોમાં ધીરે ધીરે વિકરાળ બની રહ્યું છે જેના પગલે એક્ટિવ દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે બીજીબાજુ જીલ્લામાં સરકારી હોસ્પિટલના અભાવે જીલ્લામાં એક માત્ર રાજ્ય સરકાર કરાર આધારીત ઉભી કરાયેલી મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ ઉભરાઈ રહ્યા છે હોસ્પિટલના તમામ બેડ ભરાઈ જતા દર્દીઓને હિંમતનગર અને અમદાવાદ સારવાર માટે ધકેલવામાં આવી રહ્યા હોવાનો આક્ષેપ દર્દીઓ કરી રહ્યા છે જીલ્લા તંત્રએ કોરોના સંક્રમિત અને કોરોનાના




શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓ માટે વધુ ૩૦ બેડની સુવિધા ઉપલબ્ધ કરાવવા તંત્રએ તજવીજ હાથધરી છે

મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલમાં હાલ ૩૦ બેડની સુવિધા વધારવામાં આવતા હાલ કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે ૮૦ બેડ ઉપલબ્ધ થશે જેમાં ૪૮ બેડ માં ઓક્સિજનની સુવિધા હોવાની માહિતી આરોગ્ય સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલમાં દર્દીઓની તબીયત વધુ લથડે તો પૂરતી સુવિધા ઉપલબ્ધ ન હોવાથી તાબડતોડ અન્ય હોસ્પિટલમાં ખસેડી દેવામાં આવતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે જીલ્લામા આરોગ્ય તંત્ર સંપૂર્ણ નિષ્ફળ રહ્યું હોવાનું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે.

# રાજપુર ગામે મનરેગા યોજનાનો આરંભ...



ગાંભોઈ, તા.૦૭

સરકારશ્રીની ગ્રામ પંચાયતવિસ્તારોમાં ચાલતી મનરેગા યોજના હેઠળ હિંમતનગર તાલુકાની રાજપુર (ગાંભોઈ) ગ્રામ પંચાયતના રાજપુર તળાવમાં મનરેગા યોજનાનો બુધવારના રોજ તાલુકા પંચાયત સદસ્ય કુલદીપસિંહ રાઠોડ તેમજ પૂર્વ તાલુકા સદસ્ય અભેસિંહ પરમાર, રાજપુર સરપંચ અનુપસિંહ રાઠોડ વગેરેની ઉપસ્થિતમાં શ્રમજીવી કામદારોને માસ્કનું વિતરણ કરી આરંભ કરવામાં આવ્યો હતો.

# સાબરકાંઠા બેંક કર્મચારીઓને કોરોના વેકસીન મુકાઈ

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા બેંક હિંમતનગરની વડી કચેરી ખાતે બેંકના ચેરમેન મહેશભાઈ પટેલની પ્રેરણાથી તથા જીલ્લા વહીવટી તંત્રના સુંદર સાથ સહકારથી કોરોનાના વધતા જતા સંક્રમણ સામે રક્ષણ મેળવવા માટે કોરોના વેકસીનેશનનું આયોજન કરવામાં આવેલ જેમાં બહોળી સંખ્યામાં બેંક કર્મચારીઓ તથા જન સમુદાય ઉપસ્થિત રહી આ પ્રોગામનો લાભ લીધેલ હતો. બેંકના સુંદર આયોજનથી બેંક કર્મચારી તથા ગ્રાહકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.

## જન્મદિને વધામણી



વલ્લવભાઈ એન. પટેલ
(એગ્રો સર્વિસ સેન્ટર-બાયડ)
બાયડ



ખુશ્બુ આદિત્યકુમાર પટેલ
ડેમાઈ(વડોદરા)



દશરથભાઈ પ્રજાપતિ
(નિવૃત્ત નાયબ મામલતદાર)
મોડાસા



વિશાલ ભોઈ
આકરૂન્દ, તા.ધનસુરા



દિલીપભાઈ ભટ્ટ
મોડાસા (માલપુર)



મિતેષ એન. વાળંદ
(જનતા હેર આર્ટ-મોડાસા)
બોલુંન્દ્રા, તા.મોડાસા

# પાલનપુરમાં શંકાસ્પદ હાલતમાં રીઢો બાઈક ચોર ઝડપાયો

પાલનપુર, તા. ૭

પાલનપુર ખાતેથી ગઈકાલે ચોરીના બાઈક સાથે ઝડપાયેલા ઈસમની સઘન પુછપરછ કરતાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. ગઈકાલે બનાસકાંઠા એસઓજીની ટીમે શહેરમાંથી એક ઈસમને ચોરીના બાઈક સાથે ઝડપી પાડ્યો હતો. જેની બાદમાં યુક્તિ-પ્રયુક્તિથી પુછપરછ કરતાં તેણે ૫ જીલ્લાઓમાંથી ૧૧ જેટલા બાઈક ચોર્યાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે તેને સાથે રાખી ખેતરમાંથી ૧૦ બાઈક (કિ.રૂ.૨,૧૨,૨૦૦) નો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. રેન્જ આઈજી જે.આર.મોથાલિયા અને બનાસકાંઠા એસપીતરૂણ દુગ્ગલે મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હતી. જે અનુસંધાને એસઓજી પીઆઈ ગઢવીના વડપણ હેઠળ ગઈકાલે પાલનપુરના લડબી નાળા પાસેથી એક ઈસમને શંકાસ્પદ બાઈક સાથે ઝડપી પાડ્યો હતો. જ્યાં ઈસમની પુછપરછ કરતાં પોતે પ્રવિણભાઈ મનસુખભાઈ પ્રજાપતિ (રહે.સરદારપુરા, રવેલ,તા.દિયોદર) હોવાનું કહ્યુ હતુ. આ સાથે તેણે બનાસકાંઠા, અમદાવાદ, મહેસાણા, પાટણ અને કચ્છ જીલ્લામાંથી મોટર સાયકલ ચોર્યાની કબૂલાત કરી હતી.